# Gujarat Panchayat Service Selection Board

**Notations :**
1.Options shown in green color and with ✔ icon are correct.
2.Options shown in red color and with ✖ icon are incorrect.

| | |
|---|---|
| **Question Paper Name :** | 13 JUNIOR CLERK ACCOUNT CLERK |
| **Subject Name :** | 13 JUNIOR CLERK ACCOUNT CLERK |
| **Number of Questions :** | 100 |
| **Share Answer Key With Delivery Engine :** | No |
| **Change Font Color :** | No |
| **Change Background Color :** | No |
| **Change Theme :** | No |
| **Help Button :** | No |
| **Show Reports :** | No |
| **Show Progress Bar :** | No |

## 13 JUNIOR CLERK ACCOUNT CLERK

| | |
|---|---|
| **Maximum Instruction Time :** | 0 |
| **Is Section Default? :** | No |

**Question Number : 1 Question Id : 4410091405234**
A, B, C, D, E અને F દરેકે અલગ અલગ ગુણ મેળવ્યા. માત્ર બે જણે D કરતાં વધુ ગુણ મેળવ્યા. D એ A કરતાં વધુ પણ F કરતાં ઓછા ગુણ મેળવ્યા. F એ મહત્તમ ગુણ મેળવ્યા નથી. E એ C કરતાં વધુ પણ A કરતાં ઓછા ગુણ મેળવ્યા. તો તેમાંથી સૌથી વધુ ગુણ કોણે મેળવ્યા?
**Options :**
4410095550100. ✔
B
4410095550101. ✖
A
4410095550102. ✖
E
4410095550103. ✖
C

**Question Number : 2 Question Id : 4410091405287**
એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,

A + B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'
A - B નો અર્થ થાય છે કે 'A એ B નો પતિ છે'
A × B નો અર્થ થાય છે કે 'A એ B ની બહેન છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B ની માતા છે'

ઉપરોક્તના આધારે, જો 'N - R ÷ K + J × C' હોય તો N નો C સાથે શું સંબંધ છે?
**Options :**
4410095550308. ✖ ભાઈ
4410095550309. ✖ પિતા
4410095550310. ✖ માતાના પિતા
4410095550311. ✔ પિતાના પિતા

**Question Number : 3 Question Id : 4410091405309**
R એ S નો પતિ છે. S એ L ની માતા છે. L એ K નો ભાઇ છે. K એ T ના પિતા છે. તો R ને T સાથે શું સંબંધ છે?
**Options :**

4410095550396. ✖ પિતાનો ભાઈ

4410095550397. ✔ પિતાના પિતા

4410095550398. ✖ માતાનો ભાઈ

4410095550399. ✖ પુત્ર

**Question Number : 4 Question Id : 441009532930**
જો સંખ્યા 78562341 ના દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 1 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં કેટલા અંક એક કરતા વધુ વખત દેખાશે?
**Options :**

4410092087124. ✖ કોઈ પણ નહીં

4410092087125. ✖ એક

4410092087126. ✖ બે

4410092087127. ✔ ત્રણ

**Question Number : 5 Question Id : 4410091402929**
એક ચોક્કસ તર્કને અનુસારીને, 44 એ 57 સાથે સંબંધિત છે. એ જ તર્કને અનુસારીને 72 એ 85 સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસારીને 53 નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં અલગ કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની છે. દા.ત. 13 લઈએ – તો 13 પર સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે ક્રિયાઓ કરી શકાય. 13 ને 1 અને 3 માં અલગ કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)
**Options :**

4410095540967. ✔ 66

4410095540968. ✖ 65

4410095540969. ✖ 69

4410095540970. ✖ 63

**Question Number : 6 Question Id : 4410091460716**
માનવ ધર્મ સભાની સ્થાપના ગુજરાતના કયા શહેરમાં થઈ હતી?
**Options :**

4410095771041. ✖ અમદાવાદ

4410095771042. ✔ સુરત

4410095771043. ✖ બરોડા

4410095771044. ✖ ગાંધીનગર

**Question Number : 7 Question Id : 4410091456944**
નીચેનામાંથી કોણ આર્ય સમાજના સ્થાપક હતા?
**Options :**

4410095756078. ✖
સ્વામી વિવેકાનંદ

4410095756079. ✖
સ્વામી શિવાનંદ

4410095756080. ✔
સ્વામી દયાનંદ સરસ્વતી

4410095756081. ✖
સ્વામી શ્રદ્ધાનંદ

**Question Number : 8 Question Id : 4410091447807**
સર સૈયદ અહેમદ ખાનના નેતૃત્વમાં શરૂ કરાયેલ અલીગઢ ચળવળનો મુખ્ય ઉદ્દેશ્ય શું હતો?
**Options :**

4410095719816. ✔ મુસ્લિમોમાં પશ્ચિમી શિક્ષણનો પ્રચાર

4410095719817. ✖ પ્રાચીન હિન્દુ દર્શનને પુનર્જીવિત કરવા

4410095719818. ✖ સશસ્ત્ર સંઘર્ષ દ્વારા બ્રિટિશ શાસનનો વિરોધ કરવો.
4410095719819. ✖ સંસ્કૃત શીખવા માટે પ્રોત્સાહન આપવું

**Question Number : 9 Question Id : 4410091447768**
"ભારતના લોખંડી પુરુષ" તરીકે કોણ પ્રખ્યાત છે?
**Options :**
4410095719670. ✖ જવાહરલાલ નહેરુ
4410095719671. ✖ મહાત્મા ગાંધી
4410095719672. ✔ સરદાર વલ્લભભાઈ પટેલ
4410095719673. ✖ રાજેન્દ્ર પ્રસાદ

**Question Number : 10 Question Id : 4410091457513**
ભારતમાં પ્રેમના પ્રતીક તરીકે ઓળખાતું નીચેનામાંથી કયું સ્મારક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ છે?
**Options :**
4410095758360. ✖ લાલ કિલ્લો
4410095758361. ✖ કુતુબ મીનાર
4410095758362. ✔ તાજમહેલ
4410095758363. ✖ ચારમીનાર

**Question Number : 11 Question Id : 441009632861**
જૈન ધર્મના સ્થાપક કોને માનવામાં આવે છે?
**Options :**
4410092485587. ✔ વર્ધમાન મહાવીર
4410092485588. ✖ ગૌતમ બુદ્ધ
4410092485589. ✖ જરથુસ્ત્ર
4410092485590. ✖ દયાનંદ સરસ્વતી

**Question Number : 12 Question Id : 4410091455708**
નીચેની નદીઓમાંથી કઈ નદી સૂર્ય મંદિરની નજીક વહે છે, જ્યાં ગુજરાતનો મોઢેરા નૃત્ય મહોત્સવ યોજાય છે?

**Options :**
4410095751159. ✖ સાબરમતી નદી
4410095751160. ✔ પુષ્પાવતી નદી
4410095751161. ✖ વાત્રક નદી
4410095751162. ✖ નર્મદા નદી

**Question Number : 13 Question Id : 4410091455777**
800થી વધુ જૈન મંદિરો માટે જાણીતા પાલિતાણા મંદિરો ગુજરાતમાં કઈ ટેકરી પર આવેલા છે?

**Options :**
4410095751443. ✖ પાવાગઢ ટેકરી
4410095751444. ✔ શત્રુંજય ટેકરી
4410095751445. ✖ ગિરનાર ટેકરી
4410095751446. ✖ માંડવી ટેકરી

**Question Number : 14 Question Id : 4410091464273**
ઉત્તરીય ગોળાર્ધમાં કઈ ઘટના ઉનાળાની શરૂઆતનો સંકેત આપે છે?
**Options :**
4410095785318. ✖ પાનખર સંપાત (Autumnal Equinox)
4410095785319. ✖ વસંત સંપાત (Vernal Equinox)

4410095785320. ✔ ગ્રીષ્મ અયનકાળ (Summer Solstice)
4410095785321. ✖ શિયાળુ અયનકાળ (Winter Solstice)

**Question Number : 15 Question Id : 4410091464286**
કયો દરિયાકાંઠો વિસ્તાર (region) ચિલિકા તળાવ માટે જાણીતો છે?
**Options :**
4410095785370. ✖
ગુજરાતનો દરિયાકિનારો
4410095785371. ✖ કોંકણનો દરિયાકિનારો
4410095785372. ✔
ઓડિશાનો દરિયાકિનારો
4410095785373. ✖ માલાબારનો દરિયાકિનારો

**Question Number : 16 Question Id : 4410091460049**
ભારતની 2011ની વસ્તી ગણતરી મુજબ, ગુજરાતની અનુસૂચિત જનજાતિ (ST) વસ્તી ભારતની કુલ અનુસૂચિત જનજાતિ વસ્તીના આશરે કેટલા ટકા હતી?
Note: For this question, discrepancy is found in question/answer. So,this question is ignored for all candidates.
**Options :**
4410095768385. 4.8%
4410095768386. 6.2%
4410095768387. 8.1%
4410095768388. 9.25%

**Question Number : 17 Question Id : 4410091460064**
નીચેનીમાંથી કઈ નદી ગુજરાતમાંથી વહેતી **નથી**?
**Options :**
4410095768441. ✖ હિરની
4410095768442. ✖ કપિલા
4410095768443. ✖ ઓઝાત
4410095768444. ✔ ગોદાવરી

**Question Number : 18 Question Id : 4410091453126**
દ્રોણાચાર્ય પુરસ્કાર નીચેની કઇ શ્રેણીની વ્યક્તિઓને આપવામાં આવે છે?
**Options :**
4410095740804. ✖
રમતવીરો
4410095740805. ✔
રમતગમતના કોચ
4410095740806. ✖ રમતગમતના પત્રકારો
4410095740807. ✖
રમતગમતના સંચાલકો

**Question Number : 19 Question Id : 4410091453152**
અર્જુન પુરસ્કાર નીચેની કઇ શ્રેણીમાં શ્રેષ્ઠતા માટે આપવામાં આવે છે?
**Options :**
4410095740904. ✖ વિદ્વાનો (Academics)
4410095740905. ✔ રમતગમત (Sports)
4410095740906. ✖ સમાજ સેવા (Social service)
4410095740907. ✖ સાહિત્ય (Literature)

**Question Number : 20 Question Id : 4410091453261**
ઓલિમ્પિકમાં વ્યક્તિગત સ્પર્ધા (ઈવેન્ટ) માં ચંદ્રક (મેડલ) જીતનાર પ્રથમ ભારતીય કોણ હતા?
**Options :**
4410095741328. ✖
ધ્યાનચંદ
4410095741329. ✔
કે. ડી. જાધવ
4410095741330. ✖ મિલ્ખા સિંઘ
4410095741331. ✖
સુશીલ કુમાર

**Question Number : 21 Question Id : 4410091453373**
નીચેનામાંથી કોણ બે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની?
**Options :**
4410095741779. ✖ સાયના નેહવાલ
4410095741780. ✔
પી. વી. સિંધુ
4410095741781. ✖
મેરી કોમ
4410095741782. ✖
સાક્ષી મલિક

**Question Number : 22 Question Id : 4410091459181**
ગેરકાયદેસર રીતે અટકાયતમાં લેવાયેલી વ્યક્તિને મુક્ત કરવા માટે ભારતીય અદાલત દ્વારા નીચેનીમાંથી કઈ રિટ (writs) જારી કરવામાં આવે છે?
**Options :**
4410095764859. ✖ મેન્ડમસ (Mandamus)
4410095764860. ✔ હેબિયસ કોર્પસ (Habeas Corpus)
4410095764861. ✖ સર્ટીઓરારી (Certiorari)
4410095764862. ✖ ક્વો વોરંટી (Quo Warranto)

**Question Number : 23 Question Id : 4410091459188**
નીચેનામાંથી કયા કેસમાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે પ્રસ્તાવના (Preamble) નો ઉપયોગ ચોક્કસ બંધારણીય જોગવાઈઓને ઓવરરાઇડ કરવા માટે થઈ શકતો નથી?
**Options :**
4410095764887. ✔ બેરુબારી યુનિયન કેસ (1960)
4410095764888. ✖ કેશવાનંદ ભારતી કેસ (1973)
4410095764889. ✖ મિનર્વા મિલ્સ કેસ (1980)
4410095764890. ✖ ગોલકનાથ કેસ (1967)

**Question Number : 24 Question Id : 4410091459203**
ભારતમાં ન્યાયિક સક્રિયતાને નીચેની કઈ પદ્ધતિઓ દ્વારા પ્રાધાન્ય મળ્યું?
**Options :**
4410095764943. ✖ સલાહકારી મંતવ્યો
4410095764944. ✔ જાહેર હિતની અરજીઓ (PILs)
4410095764945. ✖ ન્યાયિક નિમણૂકો
4410095764946. ✖ વટહુકમ બનાવવાની સત્તાઓ

**Question Number : 25 Question Id : 4410091459216**
ભારતમાં પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટને મહત્તમ કેટલા વર્ષની સજા ફટકારવાનો અધિકાર છે?

Options :

4410095764995. ✗ 1 વર્ષ

4410095764996. ✓ 3 વર્ષ

4410095764997. ✗ 5 વર્ષ

4410095764998. ✗ 7 વર્ષ

**Question Number : 26 Question Id : 4410091459175**

ભારતીય બંધારણના નીચેનામાંથી કયા અનુચ્છેદ હેઠળ પર્યાવરણનું રક્ષણ અને સુધારણા અને જંગલોનું સંરક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે?

**Options :**

4410095764835. ✗ અનુચ્છેદ 47

4410095764836. ✓ અનુચ્છેદ 48A

4410095764837. ✗ અનુચ્છેદ 49

4410095764838. ✗ અનુચ્છેદ 50

**Question Number : 27 Question Id : 4410091448222**

ભારતમાં પંચાયતી રાજ પ્રણાલીને કયા બંધારણીય સુધારા દ્વારા બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો?

**Options :**

4410095721380. ✗ 42મો સુધારા અધિનિયમ, 1976

4410095721381. ✗ 44મો સુધારા અધિનિયમ, 1978

4410095721382. ✓ 73મો સુધારા અધિનિયમ, 1992

4410095721383. ✗
74મો સુધારા અધિનિયમ, 1992

**Question Number : 28 Question Id : 4410091448266**

ભારતીય બંધારણનો કયો ભાગ પંચાયતી રાજ વ્યવસ્થા સાથે સંબંધિત છે?

**Options :**

4410095721552. ✗ ભાગ VIII

4410095721553. ✓
ભાગ IX

4410095721554. ✗
ભાગ IX-A

4410095721555. ✗
ભાગ X

**Question Number : 29 Question Id : 4410091448270**

બંધારણની કઈ અનુસૂચીમાં પંચાયતોની કાર્યાત્મક યાદી (લિસ્ટ) છે?

**Options :**

4410095721568. ✗ નવમી અનુસૂચી

4410095721569. ✗ દશમી અનુસૂચી

4410095721570. ✓ અગિયારમી અનુસૂચી

4410095721571. ✗ બારમી અનુસૂચિ

**Question Number : 30 Question Id : 4410091459302**

નીચેનામાંથી કયો વિષય ભારતીય બંધારણની અગિયારમી અનુસૂચિ હેઠળ સૂચિબદ્ધ 29 વિષયોમાંથી એક નથી?

**Options :**

4410095765339. ✗ કૃષિ અને જમીન સુધારા

4410095765340. ✗ આરોગ્ય અને સ્વચ્છતા

4410095765341. ✓ અવકાશ સંશોધન

4410095765342. ✗ મહિલા અને બાળ વિકાસ

**Question Number : 31 Question Id : 4410091459305**
ભારતમાં, પંચાયતી રાજ મંત્રાલય મુખ્યત્વે નીચેનામાંથી કયા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે?
**Options :**
4410095765351. ✗ શહેરી વિકાસ
4410095765352. ✗ ગ્રામીણ રોજગાર યોજનાઓ
4410095765353. ✓ વિકેન્દ્રીકરણ અને સ્થાનિક શાસન
4410095765354. ✗ કૃષિ સુધારા

**Question Number : 32 Question Id : 4410091458356**
નમો લક્ષ્મી યોજના (Namo Lakshmi Yojana) મુખ્યત્વે નાણાકીય સહાય અને સપોર્ટ માટે લાભાર્થીઓના કયા જૂથને લક્ષ્ય બનાવે છે?
**Options :**
4410095761700. ✓ ધોરણ 9થી 12માં ભણતી છોકરીઓ
4410095761701. ✗ ધોરણ 6 થી 8માં ભણતી છોકરીઓ
4410095761702. ✗ કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર મહિલાઓ
4410095761703. ✗ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમોમાં નોંધણી કરાવેલ મહિલાઓ

**Question Number : 33 Question Id : 4410091458361**
ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સુશાસન દિવસ (Good Governance Day) 2025 પર નાગરિક સંચારમાં સુધારો કરવા માટે કયા AI-આધારિત મંચનો શુભારંભ કરવામાં આવ્યો હતો?

## Note: For this question, discrepancy is found in question/answer. So,this question is ignored for all candidates.

**Options :**
4410095761720. SWAR (Speech and Written Analysis Resource) (સ્વર -વાણી અને લેખિત વિશ્લેષણ સંસાધન)

4410095761721. BHASHA (Bilingual Human Access System for All) (ભાષા -બધા માટે દ્વિભાષી માનવ પ્રવેશ પ્રણાલી)

4410095761722. JANSETU (Citizen Service Translation Utility) (જનસેતુ -નાગરિક સેવા અનુવાદ ઉપયોગિતા)
4410095761723. SUVIDHA (Smart Unified Virtual Digital Hub Access) (સુવિધા -સ્માર્ટ યુનિફાઇડ વર્ચ્યુઅલ ડિજિટલ હબ એક્સેસ)

**Question Number : 34 Question Id : 4410091458364**
ગુજરાત સરકારની નીચેની કઈ યોજના મહિલા ઉદ્યોગસાહસિકોને નાના વ્યવસાયો શરૂ કરવા અથવા વિસ્તરણ કરવા માટે તાલીમ અને કૌશલ્ય વિકાસ સહાય સાથે કોલેટરલ (ગીરો મિલકત) વિના ₹1 લાખ સુધીની વ્યાજમુક્ત લોન પૂરી પાડે છે?
**Options :**
4410095761732. ✓ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના
4410095761733. ✗ ગુજરાત મહિલા ઉદ્યોગ સહાય મિશન
4410095761734. ✗ સક્ષમ નારી લઘુ ધિરાણ પહેલ
4410095761735. ✗ સ્ત્રી શક્તિ આર્થિક સશક્તિકરણ યોજના

**Question Number : 35 Question Id : 4410091458386**
ગુજરાત સરકારની કઈ યોજના પસંદગીની ગ્રાન્ટ-ઇન-એઇડ (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તેમની માળખાકીય સુવિધાઓ વધારવા માટે 80:20 ના ગુણોત્તરમાં નાણાકીય સહાય પૂરી પાડે છે?
**Options :**
4410095761820. ✓ મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ 2.0
4410095761821. ✗ ગુજરાત શિક્ષણ સહાય યોજના
4410095761822. ✗ શાળા માળખાગત સુવિધાઓ અપગ્રેડેશન મિશન
4410095761823. ✗ ગ્રાન્ટ-ઇન-એઇડ આધુનિકીકરણ કાર્યક્રમ

**Question Number : 36 Question Id : 4410091458389**

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવેલી નીચેની યોજનાઓમાંથી કઈ યોજના ગૌશાળાઓ અને પાંજરાપોળોને ટેકો આપીને ગીર અને કાંકરેજ જેવી સ્વદેશી ગાયની જાતિઓના સંરક્ષણ અને પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરે છે?

**Options :**

4410095761832. ✔ ગૌશાળા/પંજરાપોળના ઉન્નતીકરણ માટેની યોજના

4410095761833. ✖ સ્વદેશી પશુ સંરક્ષણ મિશન

4410095761834. ✖ ગીર-કાંકરેજ ગાય વિકાસ કાર્યક્રમ

4410095761835. ✖ ગૌ સંવર્ધન અને પંચગવ્ય પ્રોત્સાહન યોજના

**Question Number : 37 Question Id : 4410091473769**

ભારતની બીજી પંચવર્ષીય યોજના (1956–1961) માં નીચેનામાંથી કયા ક્ષેત્ર પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું?

**Options :**

4410095822624. ✖ કૃષિ વિકાસ અને ગ્રામીણ વિકાસ

4410095822625. ✔ ઔદ્યોગિક વિસ્તરણ અને ભારે ઉદ્યોગો

4410095822626. ✖ શૈક્ષણિક સુધારા અને સાક્ષરતા કાર્યક્રમો

4410095822627. ✖ પરિવહન અને સંચાર નેટવર્ક

**Question Number : 38 Question Id : 4410091473795**

સરકારી બજેટના સંદર્ભમાં, ફ્રી રાઈડર્સ (free-riders) એ __________ તેઓ છે

**Options :**

4410095822740. ✖
જે લોકો સરેરાશ કરદાતા કરતા વધુ કર ચૂકવે છે

4410095822741. ✔ જે લોકો જાહેર વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ તેમના માટે ચૂકવણી કર્યા વિના કરે છે

4410095822742. ✖ સરકારી કર્મચારીઓ જે જાહેર વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે

4410095822743. ✖ જે નાગરિકો કોઈપણ જાહેર સુવિધાનો ઉપયોગ કરવા માંગતા નથી

**Question Number : 39 Question Id : 4410091473747**

ભારતમાં નાણાકીય નીતિઓના અમલીકરણ માટે નીચેનામાંથી કોણ જવાબદાર છે?

**Options :**

4410095822541. ✖ નાણાં મંત્રાલય, ભારત સરકાર

4410095822542. ✔ ભારતીય રિઝર્વ બેંક (RBI)

4410095822543. ✖ નેશનલ ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા (નીતિ આયોગ)

4410095822544. ✖ ભારતના નાણાપ્રધાન

**Question Number : 40 Question Id : 4410091474415**

ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડનાર પ્રથમ વ્યક્તિ નીચેનામાંથી કોણ છે?

**Options :**

4410095825273. ✖
નિષ્ણાત ડૉક્ટર

4410095825274. ✔ સહાયક નર્સિંગ મિડવાઇફ (Midwife) (ANM)

4410095825275. ✖
ફાર્માસિસ્ટ

4410095825276. ✖
સર્જન

**Question Number : 41 Question Id : 4410091442256**

તમારા ઓનલાઈન એકાઉન્ટ્સ અને ઉપકરણો માટે મજબૂત પાસવર્ડ (strong password) બનાવવાનો અને તેનો ઉપયોગ કરવાનો મુખ્ય હેતુ શું છે?

**Options :**

4410095697677. ✖
કમ્પ્યુટરની મેમરીને મોટી બનાવવા માટે

4410095697678. ✖
ઓપરેટિંગ સિસ્ટમને આપમેળે અપડેટ કરવા માટે

4410095697679. ✖
સ્ક્રીન ડિસ્પ્લેનો રંગ બદલવા માટે

4410095697680. ✔ અનધિકૃત વપરાશકર્તાઓ (prevent unauthorized) ને તમારા એકાઉન્ટને ઍક્સેસ કરવાથી રોકવા માટે.

**Question Number : 42 Question Id : 4410091442273**
નીચેનામાંથી કયું સાયબર સુરક્ષાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરતી અનએથીકલ પ્રવૃત્તિ (unethical activity) નું ઉદાહરણ છે?
**Options :**
4410095697741. ✔ ગેરકાયદેસર રીતે કોપિરાઇટ ધરાવતી ફિલ્મો ડાઉનલોડ કરવી

4410095697742. ✖
લાઇસન્સ પ્રાપ્ત વર્ડ પ્રોસેસરનો ઉપયોગ કરવો

4410095697743. ✖ તમારા ઓપરેટિંગ સિસ્ટમ સોફ્ટવેરને અપડેટ કરવા.

4410095697744. ✖ પેન ડ્રાઇવમાં મહત્વપૂર્ણ ડેટાનો બેકઅપ લેવો.

**Question Number : 43 Question Id : 4410091422161**
ઓઝોન સ્તર પૃથ્વી પરની જીવસૃષ્ટિને સૂર્યના હાનિકારક __________ થી રક્ષણ આપે છે.
**Options :**
4410095617534. ✔ અલ્ટ્રાવાયોલેટ કિરણો

4410095617535. ✖ રેડિયો તરંગો

4410095617536. ✖ ન્યુક્લિયર વિકિરણ

4410095617537. ✖ ઉષ્મિય ઊર્જા

**Question Number : 44 Question Id : 4410091436888**
બાયોગેસ ટેક્નોલોજીના ઉપયોગથી કઇ રીતે લેન્ડફિલ કચરો (landfill waste) ઘટાડીને પર્યાવરણીય રક્ષણમાં મદદ મળે છે?
**Options :**
4410095676272. ✖ તે બિન-જૈવવિઘટનક્ષમ પ્લાસ્ટિકને દૂર કરે છે.

4410095676273. ✖ તે લેન્ડફિલ વિસ્તાર (area)માં વધારો કરે છે.

4410095676274. ✔ તે કાર્બનિક કચરાને ઊર્જા અને ખાતર (fertilizer)માં રૂપાંતરિત કરે છે.

4410095676275. ✖ તે તમામ પ્રકારનો કચરો બાળે છે.

**Question Number : 45 Question Id : 4410091585591**
વન અને વન્યજીવન સંરક્ષણનો મુખ્ય ધ્યેય શું છે?
**Options :**
4410096263516. ✔
કુદરતી રહેઠાણો અને પ્રજાતિઓનું રક્ષણ કરવું

4410096263517. ✖
શહેરી વિકાસ વધારવો

4410096263518. ✖
શિકાર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું

4410096263519. ✖
ખેતી માટે જમીન સાફ (clear) કરવી

**Question Number : 46 Question Id : 4410091471702**
પોષણ, ટકાઉ સોર્સિંગ અને ફૂડ-સિસ્ટમ ટ્રાન્સફોર્મેશનમાં ઉત્કૃષ્ટ પ્રયાસો બદલ વર્લ્ડ ફૂડ પ્રાઇઝ ફાઉન્ડેશન દ્વારા કયા ભારતીય રસોઇયાને 2025 ના ટોચના કૃષિ-ખાદ્ય પ્રણેતા તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા?
**Options :**
4410095814695. ✖ પ્રતીક સાધુ

4410095814696. ✔ સંજીવ કપૂર

4410095814697. ✖ હિમાંશુ સૈની

4410095814698. ✖ ગૌરવ ખન્ના

**Question Number : 47 Question Id : 4410091471770**
કઈ ભારતીય મહિલા ક્રિકેટર ICC મહિલા વર્લ્ડ કપ 2025 માં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે?
**Options :**
4410095814959. ✖ જેમિમા રોડ્રિગ્સ
4410095814960. ✔ સ્મૃતિ મંધાના
4410095814961. ✖ પ્રતીકા રાવલ
4410095814962. ✖ હરલીન દેઓલ

**Question Number : 48 Question Id : 4410091453978**
શેરી ગરબા (SHERI GARBA) (શ્રેષ્ઠ નવરાત્રિ ગરબા 2025) ની ઉજવણી ગુજરાતના કયા શહેરમાં કરવામાં આવી હતી?
**Options :**
4410095744217. ✖ રાજકોટ
4410095744218. ✖ જૂનાગઢ
4410095744219. ✔ અમદાવાદ
4410095744220. ✖ વડોદરા

**Question Number : 49 Question Id : 4410091456426**
ગુજરાત વિધાનસભામાં ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ, 2025 ક્યારે રજૂ કરવામાં આવ્યું હતું?

**Options :**
4410095754046. ✖ 1 ઓગસ્ટ, 2025
4410095754047. ✖ 12 ઓગસ્ટ, 2025
4410095754048. ✖ 1 સપ્ટેમ્બર, 2025
4410095754049. ✔ 8 સપ્ટેમ્બર, 2025

**Question Number : 50 Question Id : 4410091453092**
ઓક્ટોબર 2025 માં, નીચેનામાંથી કયો દેશ દક્ષિણપૂર્વ એશિયન રાષ્ટ્રોના સંગઠન (ASEAN) ના 11મો સભ્ય બન્યો છે?
**Options :**
4410095740672. ✖ પાપુઆ ન્યૂ ગિની (Papua New Guinea)
4410095740673. ✔ પૂર્વ તિમોર (East Timor)
4410095740674. ✖ શ્રીલંકા (Sri Lanka)
4410095740675. ✖ ભૂતાન (Bhutan)

**Question Number : 51 Question Id : 4410091385093**
સાચી જોડણી શોધો
**Options :**
4410095471116. ✔ અનુકરણ
4410095471117. ✖ અતીરેક
4410095471118. ✖ કીશોર
4410095471119. ✖ નિધી

**Question Number : 52 Question Id : 4410091387348**
સાચી જોડણીવાળો શબ્દ શોધો.
**Options :**
4410095480059. ✖ નીતી
4410095480060. ✔ નીતિ
4410095480061. ✖ નિતી
4410095480062. ✖ નિતિ

**Question Number : 53 Question Id : 4410091406655**
' બજારભાવ ' - સમાસનો વિગ્રહ શોધો.
**Options :**
4410095555750. ✖ બજારની ભાવ
4410095555751. ✖ બજાર અને ભાવ
4410095555752. ✔ બજારનો ભાવ
4410095555753. ✖ બજાર ભાવનો સમૂહ

**Question Number : 54 Question Id : 4410091415476**
આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શોધો

સૂર્યોદય
**Options :**
4410095590589. ✖ પ્રભાત
4410095590590. ✖ પરોઢ
4410095590591. ✖ કિરણો
4410095590592. ✔ સૂર્યાસ્ત

**Question Number : 55 Question Id : 4410091415493**
આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શોધો
અન્યાય
**Options :**
4410095590657. ✔ ન્યાય
4410095590658. ✖ અનીતિ
4410095590659. ✖ અધર્મ
4410095590660. ✖ અવ્યવસ્થા

**Question Number : 56 Question Id : 4410091506117**
**કહેવતનો અર્થ શોધો**
કણ કણ કરતાં મણ થાય
**Options :**
4410095948849. ✖ કણ કણમાં ભગવાન હોય
4410095948850. ✖ કણની કિંમત કરવી
4410095948851. ✖ કણ અને મણ સરખાં રાખવા
4410095948852. ✔ ત્રેવડથી બચત થાય

**Question Number : 57 Question Id : 4410091415145**
નીચે આપેલ કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ પસંદ કરો.

ઊગતા સૂરજને સૌ પૂજે.
**Options :**
4410095589276. ✔ ચડતીમાં હોય તેને સહુ આવકારે.
4410095589277. ✖ સૂરજની જળ ચઢાવવું
4410095589278. ✖ સૂરજ ઊગે ત્યારે જાગવું
4410095589279. ✖ પરિસ્થિતિમાં પરિવર્તન આવવું

**Question Number : 58 Question Id : 4410091423082**
નીચે આપેલ શબ્દનો સમાસનો પ્રકાર ઓળખાવો

હિતેચ્છુ
**Options :**

4410095621179. ✔ ઉપપદ સમાસ
4410095621180. ✖ કર્મધારય સમાસ
4410095621181. ✖ દ્વંદ્વ સમાસ
4410095621182. ✖ તત્પુરુષ સમાસ

**Question Number : 59 Question Id : 4410091509636**
નીચે આપેલ શબ્દનો સમાનાર્થી શોધો
તિમિર
**Options :**
4410095963204. ✖ સમીર
4410095963205. ✖ ખમીર
4410095963206. ✖ ઝમીર
4410095963207. ✔ અંધકાર

**Question Number : 60 Question Id : 4410091381390**
કાશીમાએ કામ કાઢયું - અલંકાર ઓળખાવો
**Options :**
4410095456760. ✖ યમક અલંકાર
4410095456761. ✔ વર્ણાનુપ્રાસ
4410095456762. ✖ શબ્દાનુપ્રાસ
4410095456763. ✖ અત્યાંનુપ્રાશ

**Question Number : 61 Question Id : 4410091381402**
દમયંતિનું વદન ચંદ્ર જેવુ સુંદર છે - અલંકાર ઓળખાવો
**Options :**
4410095456808. ✖ ઉત્પ્રેક્ષા
4410095456809. ✔ ઉપમા
4410095456810. ✖ અનન્વય
4410095456811. ✖ વ્યતિરેક

**Question Number : 62 Question Id : 4410091387540**
સાચું વાક્ય શોધો
**Options :**
4410095480818. ✖ ગામમાં એક શકભાજીવાળો ફેરિયો આવ્યો.
4410095480819. ✔ ગામમાં શાકભાજીવાળો એક ફેરિયો આવ્યો.
4410095480820. ✖ શકભાજીવાળો એક ફેરિયો ગામમાં આયો
4410095480821. ✖ એક ફેરિયો શકભાજીવાળો ગામમાં આવ્યો

**Question Number : 63 Question Id : 4410091387572**
સાચું વાક્ય શોધો
**Options :**
4410095480946. ✔ લોઢું ગરમ હોય ત્યારે તે તરત ટીપવું જોઇએ
4410095480947. ✖ લોઢું ગરમ હોઈ ત્યારે તે તરત ટીપવું જોઇએ .
4410095480948. ✖ લોઢું ગરમ હોઇ ત્યારે તે તરત ટીપવું જોએ .
4410095480949. ✖ લોઢું ગરમ હોય ત્યારે તે ટીપવું તરત જોઇએ .

**Question Number : 64 Question Id : 4410091509673**
અલંકાર ઓળખો
તરલ તરણી સમી સરલ તરતી
**Options :**

4410095963356. ✔ ઉપમા
4410095963357. ✖ રૂપક
4410095963358. ✖ દીપક
4410095963359. ✖ સજીવારોપણ

**Question Number : 65 Question Id : 4410091383990**
જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ઘેનમાં કોણ જાશે ? - છંદ ઓળખવો
**Options :**
4410095466724. ✖ હરિગીત
4410095466725. ✔ ઝૂલણા
4410095466726. ✖ ચોપાઈ
4410095466727. ✖ દોહરો

**Question Number : 66 Question Id : 4410091391613**
મહા+ઉદય - સંધિનું સાચું જોડાણ શોધો
**Options :**
4410095496125. ✖ મહાઊદય
4410095496126. ✔ મહોદય
4410095496127. ✖ મહાઉદય
4410095496128. ✖ મહાદય

**Question Number : 67 Question Id : 4410091391857**
જળ+આશય -સંધિનું જોડાણ શોધો
**Options :**
4410095497133. ✔ જળાશય
4410095497134. ✖ જળઆશય
4410095497135. ✖ જળઆસય
4410095497136. ✖ જળાસય

**Question Number : 68 Question Id : 4410091391913**
નવોઢા - શબ્દનું સંધિ વિગ્રહ શોધો
**Options :**
4410095497353. ✔ નવ+ઊઢા
4410095497354. ✖ નવ+ઉઢા
4410095497355. ✖ નવ+ઓઢા
4410095497356. ✖ નવ+એઢા

**Question Number : 69 Question Id : 4410091391948**
નારીશ્વર -શબ્દનું સાચું સંધિ વિગહ શોધો
**Options :**
4410095497497. ✔ નારી+ ઈશ્વર
4410095497498. ✖ નારી+ઈસ્વર
4410095497499. ✖ નારી+શ્વરી
4410095497500. ✖ નારી+શ્વર

**Question Number : 70 Question Id : 4410091428360**
નીચે આપેલા વ્યંજન સંધિ છોડો
સંચય
**Options :**

4410095641971. ✔ સમ્ + ચય
4410095641972. ✖ ષમ + ચય
4410095641973. ✖ સ્ન્ + ચય
4410095641974. ✖ સં + ચય્

**Question Number : 71 Question Id : 4410091541465**
Choose the most appropriate option to fill in the blank.

The teacher explained that ___ Earth revolves around ___ Sun due to gravitational force.
**Options :**
4410096089071. ✔ the, the
4410096089072. ✖ a, the
4410096089073. ✖ the, a
4410096089074. ✖ a, a

**Question Number : 72 Question Id : 4410091541789**
Choose the most appropriate option to fill in the blank.

During the trip, we visited ___ Shanti-Krishna Museum that showcased ancient coins from various civilizations.
**Options :**
4410096090327. ✖ no article
4410096090328. ✖ a
4410096090329. ✖ an
4410096090330. ✔ the

**Question Number : 73 Question Id : 4410091541928**
Choose the most appropriate option to fill in the blank.

The Indian Women's Cricket coach praised the team for their _____ effort during the final match.
**Options :**
4410096090875. ✖ remark
4410096090876. ✖ remarkably
4410096090877. ✔ remarkable
4410096090878. ✖ remarking

**Question Number : 74 Question Id : 4410091544465**
Choose the most appropriate option to fill in the blank.

The hockey coach advised the players to focus ____ improving their footwork during practice.
**Options :**
4410096100941. ✖ into
4410096100942. ✔ on
4410096100943. ✖ beyond
4410096100944. ✖ against

**Question Number : 75 Question Id : 4410091544537**
Choose the most appropriate option to fill in the blank.

The principal _____ the students to maintain discipline during the annual function.
**Options :**
4410096101215. ✖ advising
4410096101216. ✖ advise
4410096101217. ✔ advised
4410096101218. ✖ advice

**Question Number : 76 Question Id : 4410091381575**
In the given question, a statement is divided into different segments. The first segment is fixed. Rearrange the other segments to form a coherent statement.

Humans may come up / forces outside of our control (P) / determine whether they fail or succeed (Q) /, but ultimately (R) /with a number of ambitious ideas (S)
**Options :**
4410095457496. ✔ SRPQ
4410095457497. ✖ PQRS
4410095457498. ✖ SPRQ
4410095457499. ✖ RQSP

**Question Number : 77 Question Id : 4410091382367**
In the given question, a statement divided into different segments is provided. Rearrange all the segments to form a coherent statement.

but this is more like (P) / building castles in the sky (Q) / establish a human habitation on Mars (R) / some people want to (S)

**Options :**
4410095460624. ✖ RSPQ
4410095460625. ✖ PQRS
4410095460626. ✖ QRSP
4410095460627. ✔ SRPQ

**Question Number : 78 Question Id : 4410091382415**
In the question given below, out of four alternatives, choose the one that can be substituted for the given group of words.

Happening every second year
**Options :**
4410095460777. ✖ Annual
4410095460778. ✖ Biannual
4410095460779. ✔ Biennial
4410095460780. ✖ Decade

**Question Number : 79 Question Id : 4410091382437**
In the question given below, out of four alternatives, choose the one that can be substituted for the highlighted phrase.

Her attitude and behaviour show she is **a self-centred person**.
**Options :**
4410095460865. ✔ an egoist
4410095460866. ✖ an eccentric person
4410095460867. ✖ an optimist
4410095460868. ✖ a selfless person

**Question Number : 80 Question Id : 4410091382498**

Which of the following is the correct direct form of the given indirect sentence?

Robert says that he has not made a mistake.

**Options :**

4410095461067. ✗ Robert said, "I had not made a mistake."

4410095461068. ✗ Robert said, "I have not made any mistake."

4410095461069. ✗ Robert says, "I did not make a mistake."

4410095461070. ✓ Robert says, "I have not made a mistake."

**Question Number : 81 Question Id : 4410091382542**

Identify the error in the given sentence and select the option that rectifies it.

He will works out in the gym at 7 AM tomorrow.

**Options :**

4410095461223. ✗ He will worked out in the gym at 7 AM tomorrow.

4410095461224. ✓ He will be working out in the gym at 7 AM tomorrow.

4410095461225. ✗ He will have worked out in the gym at 7 AM tomorrow.

4410095461226. ✗ He will be work out in the gym at 7 AM tomorrow.

**Question Number : 82 Question Id : 4410091382610**

Change the sentence from active voice to passive voice

Will you give a dance performance?

**Options :**

4410095461491. ✗ Is a dance performance given by you?

4410095461492. ✗ Was a dance performance given by you?

4410095461493. ✓ Will a dance performance be given by you?

4410095461494. ✗ Has a dance performance been given by you?

**Question Number : 83 Question Id : 4410091382666**

Select the wrongly spelt word.

**Options :**

4410095461715. ✗ Course

4410095461716. ✗ Humorous

4410095461717. ✗ Attempt

4410095461718. ✓ Patrioot

**Question Number : 84 Question Id : 4410091382688**

Select the wrongly spelt word.

**Options :**

4410095461799. ✗ Thrive

4410095461800. ✗ Culmination

4410095461801. ✓ Magnificant

4410095461802. ✗ Imaginary

**Question Number : 85 Question Id : 4410091382747**

Choose the word that is opposite in meaning to the highlighted word.

In that country, people wear **strange** clothes.

**Options :**

4410095462035. ✗ rare

4410095462036. ✓ ordinary

4410095462037. ✗ good

4410095462038. ✖ bad

**Question Number : 86 Question Id : 4410091382759**
Choose the word that is closest in meaning to the highlighted word.

There was a **momentous** moment in the cricket match.

**Options :**
4410095462083. ✔ Important
4410095462084. ✖ Insignificant
4410095462085. ✖ Sudden
4410095462086. ✖ Abrupt

**Question Number : 87 Question Id : 4410091382770**
Choose the word that is closest in meaning to the highlighted word.

The dessert served at the party was absolutely **delectable**.
**Options :**
4410095462127. ✖ Tasteless
4410095462128. ✔ Delicious
4410095462129. ✖ Ordinary
4410095462130. ✖ Bitter

**Question Number : 88 Question Id : 4410091382785**
A statement is given below. You are required to replace the highlighted text with the correct idiom given in the options.

The new manager wanted ***to dominate everyone***, but he couldn't.
**Options :**
4410095462187. ✔ to rule the roost
4410095462188. ✖ to show a clean pair of heels
4410095462189. ✖ to spill the beans
4410095462190. ✖ to change the game

**Question Number : 89 Question Id : 4410091382818**
In the following question, a statement is given with highlighted text. You are required to replace the text with the correct proverb given in the options.

Rina decided to participate in the singing competition, believing that **everyone gets at least one chance to prove themselves**.
**Options :**
4410095462276. ✖ every cloud has a silver lining
4410095462277. ✖ actions speak louder than words
4410095462278. ✖ all that glitters is not gold
4410095462279. ✔ fortune knocks once at every man’s door

**Question Number : 90 Question Id : 4410091382825**
In the following question, a statement is given with highlighted text. You are required to select the correct proverb to match the situation.

After losing the match, Rahul complained that his bat was old and the field was uneven, **instead of accepting his mistakes**.
**Options :**
4410095462304. ✔ A poor workman always blames his tools
4410095462305. ✖ Practice makes a man perfect
4410095462306. ✖ Failure is the stepping stone to success
4410095462307. ✖ Rome was not built in a day

**Question Number : 91 Question Id : 4410091361658**
એક દુકાન બે પેકમાં પેન્સિલો વેચે છે. પેક A માં 4 પેન્સિલો છે, દરેક ₹10 માં. પેક B માં 6 પેન્સિલો છે, દરેક ₹5 માં. તો દરેક પેન્સિલની સરેરાશ ભારિત કિંમત કેટલી છે?
**Options :**
4410095378683. ✖
₹6
4410095378684. ✔
₹7
4410095378685. ✖
₹8
4410095378686. ✖
₹9

**Question Number : 92 Question Id : 441009516946**
એક માણસે 2 વર્ષ માટે વાર્ષિક 8% ના સાદા વ્યાજના દરે ₹52000 નું રોકાણ કર્યું છે.તો 2 વર્ષ પછી તેને મળનારી રકમ (₹ માં) શોધો.
**Options :**
4410092023203. ✔ 60320
4410092023204. ✖ 8320
4410092023205. ✖ 61320
4410092023206. ✖ 9320

**Question Number : 93 Question Id : 4410091379444**
જો 5 પેનની કિંમત ₹100 હોય, તો 3 પેનની કિંમત કેટલી થશે?
**Options :**
4410095449148. ✖ ₹20
4410095449149. ✔ ₹60
4410095449150. ✖ ₹40
4410095449151. ✖ ₹100

**Question Number : 94 Question Id : 441009523710**
મૂલ્યાંકન કરો: $30 \times 7 \div (8 - 3)$
**Options :**
4410092050259. ✔ 42
4410092050260. ✖ 41
4410092050261. ✖ 43
4410092050262. ✖ 44

**Question Number : 95 Question Id : 4410091379579**
એક ટેબલની કિંમત ₹2,000 છે. તેની કિંમતમાં પહેલા 10% ઘટાડો કરવામાં આવે છે અને પછી 10% વધારો કરવામાં આવે છે. અંતિમ કિંમત કેટલી થશે?
**Options :**
4410095449596. ✖ ₹1,800
4410095449597. ✖ ₹1,900
4410095449598. ✔ ₹1,980
4410095449599. ✖ ₹1,890

**Question Number : 96 Question Id : 4410091382787**
એક દુકાનદાર એક વસ્તુની છાપેલી કિંમત (₹1000) પર 15 % નું ટ્રેડ ડિસ્કાઉન્ટ અને 10 % નું સ્કીમ ડિસ્કાઉન્ટ આપે છે. બંને ડિસ્કાઉન્ટ પછી ચોખ્ખી કિંમત (net price) કેટલી થશે?
**Options :**
4410095462195. ✖ ₹750
4410095462196. ✔ ₹765

4410095462197. ✖ ₹850

4410095462198. ✖ ₹756

**Question Number : 97 Question Id : 4410091383032**

લંબચોરસની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર 7 : 5 છે. જો લંબાઈ 21 cm હોય, તો પહોળાઈ કેટલી હશે?

**Options :**

4410095463003. ✖
10 cm

4410095463004. ✖ 12 cm

4410095463005. ✔ 15 cm

4410095463006. ✖ 18 cm

**Question Number : 98 Question Id : 4410091383092**

A અને B એક કામ અનુક્રમે 20 દિવસ અને 30 દિવસમાં પૂર્ણ કરી શકે છે. જો તેઓ સાથે મળીને કામ કરે, તો તેમને કામ પૂર્ણ કરવામાં કેટલો સમય લાગશે?

**Options :**

4410095463240. ✔ 12 દિવસ

4410095463241. ✖ 15 દિવસ

4410095463242. ✖ 18 દિવસ

4410095463243. ✖ 25 દિવસ

**Question Number : 99 Question Id : 4410091226644**

એક પલંગ પર 6 ઓશિકા છે, જેમાંથી 3 લાલ, 2 પીળા અને 1 વાદળી રંગના છે. તો પીળા રંગનું ઓશિકું પસંદ કરવાની સંભાવના કેટલી છે?

**Options :**

4410094840059. ✔ $\frac{1}{3}$

4410094840060. ✖ $\frac{1}{6}$

4410094840061. ✖ $\frac{1}{2}$

4410094840062. ✖ $\frac{5}{6}$

**Question Number : 100 Question Id : 4410091253378**

16 m પરિમિતિ ધરાવતા ચોરસનું ક્ષેત્રફળ શોધો.

**Options :**

4410094946628. ✔ 16 sq. m

4410094946629. ✖ 20 sq. m

4410094946630. ✖ 11 sq. m

4410094946631. ✖ 8 sq. m